# ભાજપમાં ભાંજગડ અને કોંગ્રેસમાં કકળાટ

## વોર્ડ નં. ૩માં બંને પક્ષે સ્પષ્ટતા : વોર્ડ નં. ૧, ૪, ૬ અને ૭માં ભાજપમાં ભારે નારાજગી, જયારે વોર્ડ નં. ૨, ૫ અને ૬માં કોંગ્રેસનું કોકડું ગુંચવાયુ : સાંજે સાત વાગ્યા સુધીમાં સત્તાવાર યાદીઓના અભાવે અફવા બજાર ગરમ

**મહાનગરનો મહાસંગ્રામ - સંજય દૃષ્ટિ**

મહાનગરના મહાસંગ્રામની સેનાઓમાં જોડાવવા માટે શનિવારે અંતિમ દિવસ છે. માત્ર ગણતરીના કલાકો બાકી છે છતાં બંને પક્ષોમાંથી એક પણ પક્ષે ઉમેદવારોની સત્તાવાર યાદી બહાર પાડી શકી નથી તે રાજકીય કરુણા છે. ૭-૭ મહિનાથી ગાજતી પાર્ટીઓ અને ઉમેદવારો છેલ્લા કલાકો સુધી પણ અવઢવ સ્થિતિમાં છે. કોણ લડશે - કોણ કપાશે એ તો શુક્રવારની રાત જ નક્કી કરશે. સત્તાવાર યાદીના અભાવે આખો દિવસ અફવા બજાર ગરમ રહ્યું. જાત-જાતના અને ભાત-ભાતના પડીકા દિવસ દરમિયાન ફરતા રહ્યા. ભાજપના સંભવિત કપાતા દાવેદારોએ રજુઆત માટે કોબા કાર્યાલય ખાતે અડ્ડા જમાવ્યા હતા. જયારે કોંગ્રેસના ડેરા તંબુ વસંત વગડે નંખાયા હતા. શુક્રવારની સાંજે સાત વાગ્યા સુધી બિનસત્તાવાર પડીકાઓથી ભાજપમાં ભાંજગડ અને કોંગ્રેસમાં કકળાટ દેખાતો હતો.

આખા દિવસ દરમિયાન મળતા બિનસત્તાવાર અહેવાલો મુજબ વોર્ડ નં. ૧માં નિતીનભાઈ પટેલ, જીગાબાપુ, જાગૃતિબેન પુરોહિતના નામોને ગ્રીન સિગ્નલ મળતા કિર્તીભાઈ પટેલ, ઉરેનભાઈ પટેલ, સુનિલભાઈ ત્રિવેદી અને વિજયભાઈ પટેલ ઉગ્ર રજુઆતો સાથે પ્રદેશ મોવડીઓને મળ્યા હતા. વોર્ડ નં. ૨માં ભાજપમાં ઝાઝી ભાંજગડ નથી પરંતુ યુવા મોરચાના અગ્રણી પદમસિંહ ચૌહાણને ટીકીટ મળે તો લડત જામે. બાકી ઉમેદવારોની ચર્ચા કે ચિંતા નથી. વોર્ડ નં. ૩માં ભાજપની પેનલ વિવાદ વગર ફાઈનલ છે. જયારે વોર્ડ નં. ૪માં હજુ પણ સુરેશ મહેતા કે સુભાષ પટેલ વચ્ચે તીવ્ર ખેંચતાણ છે. બાકીની ત્રણ બેઠકો માટે પક્ષને અકળામણ નથી. વોર્ડ નં. ૫માં રાજુભાઈ દેસાઈ અને પ્રદિપસિંહ બિહોલા વચ્ચે ભારે ખેંચતાણ છે. જયારે જય અંબે પરિવારના રેણુકાબેન પટેલ નિશ્ચિત બન્યા છે. વોર્ડ નં. ૬માં નાઝાભાઈ લગભગ નિશ્ચિત કહેવાય છે પરંતુ બીજી બેઠક માટે કાર્તિકભાઈ પટેલ અને જીજ્ઞેશ જોષી કે અન્ય કોઈ ઉમેદવારના વિકલ્પો ઉપર ઉંડી ચર્ચા ચાલી રહી છે. ધોળાકુવાના પંકજસિંહ ઠાકોરને તેમની પત્નિને ટીકીટ અપાવવાની વાતથી સમજાવી લેવાયા છે.વોર્ડ નં. ૮માં મનુભાઈનું નામ નિશ્ચિત હોવાથી અહીં પણ મોટી ભાંજગડ નથી. ટુંકમાં એવું કહી શકાય કે ભાજપ વોર્ડ નં. ૧, વોર્ડ નં. ૪, વોર્ડ નં. ૬ અને ૭માં રજુઆતોનો સામનો કરી રહ્યું છે.

આવી જ રીતે કોંગ્રેસમાં પણ જીતી શકાય એવા વોર્ડમાં ભારે ખેંચતાણ છે. વોર્ડ નં. ૧માં હર્ષજિત પંડયા અને મહેન્દ્રસિંહ ચાવડા લગભગ નિશ્ચિત થઈ ગયા છે. જયારે વોર્ડ નં. ૨માં કોંગ્રેસમાં ભારે કકળાટ છે. શૈલેન્દ્રસિંહ, હસમુખ મકવાણા અને યુસુફ પરમાર વચ્ચે તીવ્ર ખેંચતાણ છે. વોર્ડ નં. ૩માં કોંગ્રેસની પેનલ સર્વાનુમતે નિશ્ચિત બની ગઈ છે. જેમાં મહેન્દ્રસિંહ રાણા, નામદેવ વરસાત, ભાવનાબેન વ્યાસ અને રંજનબેન રમલાવતનો સમાવેશ થાય છે. વોર્ડ નં. ૪માં અંકિત બારોટ અને રાજેશ્રી રાજેશ પંચોલી લગભગ નિશ્ચિત છે અન્ય બે ઉમેદવારો પર ચર્ચા ચાલે છે. જયારે વોર્ડ નં. ૫માં કોંગ્રેસના સિટિંગ કોર્પોરેટરો વચ્ચે ભારે ખેંચતાણ છે. કોંગ્રેસનું ગુંચવાયેલું આ કોકડુ સવાર સુધી ઉકેલાય તેમ નથી જયારે વોર્ડ નં. ૬માં પિંકીબેન પટેલ, ભાનુબેન રોહિત અને મુકેશભાઈ શાહના નામો આખરી થયાના અહેવાલો છે. જોકે લાલુભા માટે પણ અતિઆગ્રહ હોવાથી કોકડું ગુચવાયું છે. વોર્ડ નં. ૭માં કોંગ્રેસ ઉત્પલ જોષી અને જયરાજસિંહ પરમાર કે વિરેન્દ્રસિંહ રાણાના નામો આખરી ચર્ચામાં છે. જયારે વોર્ડ નં. ૮માં જીતુભાઈ ચૌધરી કે મુકેશભાઈ પટેલમાંથી કોઈ એકનું નામ છેલ્લી ઘડીએ જાહેર કરાશે. ટુંકમાં એવું માની શકાય કોંગ્રેસ જયાં સરળતાથી જીતી શકે એમ છે એવી બેઠકો પર ભારે કકળાટ છે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**બેટા, હવે શનિદેવની બીક ન રાખ... ઘરે પત્નિને સાચવી લે શનિદેવ પણ એમના આગળ ઝૂકી ગયા છે...!!**

## શહેરમાં ૩૨ મતદાન મથકો સંવેદનશીલ તો ૯ મતદાન મથકો અતિ સંવેદનશીલ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે તંત્રએ ૩૨ મતદાન મથકો સંવેદનશીલ અને ૯ મતદાન મથકો અતિ સંવેદનશીલ જાહેર કર્યા છે. જો કે ઉમેદવારી પત્રો ભરાયા પછી આમાં સુધારા-વધારા થવાની શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.

મહાનગરપાલિકાની ચૂંટણી માટે તંત્રએ ૨૦૨ મતદાન મથકો બનાવી અને તે પંચને સૂચવી દીધા છે. તંત્ર દ્વારા આ માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આજે ચૂંટણી અધિકારીઓ, જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા, અધિક નિવાસી જિલ્લા કલેક્ટર, પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓની મળેલ બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે પણ આજની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. ગાંધીનગર શહેરમાં ૭૦થી વધુ સ્થાનો પર આવેલા ૨૦૨ મતદાન મથકોની ચૂંટણી અધિકારીઓ દ્વારા પણ મુલાકાત લેવાઈ ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી અંગેની લગભગ તૈયારીઓ થઈ ગઈ છે. હવે આજે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ છે.

આ બેઠકમાં સિંગલ વિન્ડો સિસ્ટમ, ઈ.ડેશ બોર્ડ, સંકલનની કામગીરી, રિસીવીંગ અને ડિસ્પેચીંગ સેન્ટર પર સ્ટ્રોંગરૂમની વ્યવસ્થા સહિતના મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી. સરકારી વિનયન કોલેજના પાછળના હોલને તેમજ થોડાક કલાસરૂમને રેક્વીઝીટ કરવાના આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત વાહન-સંપાદનની કામગીરી માટેના આદેશો જારી કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

### ખૂણે ખાંચરેથી...

● જિલ્લા ભાજપની કારોબારી ૧૦મીએ ગિયોડ અંબાજી માતાના મંદિર ખાતે મળશે.

● ઉમેદવારી પત્ર ભરવાનો શનિવાર અંતિમ દિવસ હોવાથી આજે મોડી સાંજે ભાજપ અને કોંગ્રેસ કાર્યાલય ખાતે કાર્યકરોનો મેળો જામ્યો હોય તેવો માહોલ હતો.

● ગાંધીનગર મહાનગર પાલિકાના ભાજપના ઉમેદવારોની યાદી સાંજે ૭.૩૦ સુધી આખરી થઈ ન હતી.

● મહાનગરપાલિકાની ચૂંટણી જંગે પાટનગરને રાજકીય ફીવરમાં ઝકડી લીધુ છે અને ચોકઠા પરિષદોનો સિલસિલો વધી જવા પામ્યો છે.

● આજે રજાના દિવસે ચૂંટણીની કામગીરીને લઈ જિલ્લા અને મનપાની કચેરીઓ કાર્યરત રહી હતી જયાં બેઠકોનો દોર ચાલ્યો હતો.

● ગાંધીનગરના ધાર્મિક સ્થળો પર આજકાલ ટિકિટ વાંચ્છુઓની ભીડ પણ સારી એવી જોવા મળી રહી છે.

● ઉનાળુ વેકેશનને પગલે વિવિધ રમત-ગમતોના કેમ્પોનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું છે.

● ગઈકાલે ભાજપના પાર્લામેન્ટરી બોર્ડની બેઠક પહેલાં સંકલન સમિતિની બેઠક મળી હતી જેમાં પેનલોના નામ આખરી કરાયા હતા તેમ જાણવા મળેલ છે.

● આજે મહાનગર પાલિકાની કચેરીમાં મેયર હંસાબેન મોદી અરજદાર તરીકે આવ્યા હતા.

## વિજય હનુમાન ૧૧મા પ્રતિષ્ઠા વર્ષ પ્રસંગે ધમાસણા ખાતે સમૂહ લગ્ન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ધમાસણા ગામે આવેલ પ્રસિદ્ધ વિજય હનુમાન મંદિરના અગિયારમાં પ્રતિષ્ઠા વર્ષ પ્રસંગે સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તા. ૧૯થી ૨૩ એપ્રિલ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૨ એપ્રિલના રોજ સમુહલગ્ન યોજાશે.

ધમાસણા ખાતે આવેલ પ્રસિદ્ધ વિજય હનુમાન અગિયારમાં પ્રતિષ્ઠા પર્વ દરમિયાન શ્રી હનુમંત કથા તા. ૧૯થી ૨૩ દરમિયાન દરરોજ ૩ થી ૬ કલાક દરમિયાન વૈદેહી શરજી (દંડીબાપુ) કંઠે રસપાન કરાવશે. તા. ૨૦ના રોજ સવારે ૨.૦૦થી ૩.૦૩ કલાક દરમિયાન છાયાબેન નાયકના કંઠે આનંદનો ગરબો ગવાશે. સુંદરકાંડના પાઠ અને અન્નકૂટના દર્શનનું કાર્યક્રમ સવારે ૯ થી ૧૧ કલાકે યોજાશે. તા. ૨૨ના રોજ બપોરે ૧.૦૦ થી ૨.૩૦ કલાક દરમિયાન કન્યા વિદાયનો પ્રસંગ યોજાશે. તા. ૨૩ના રોજ ૧ થી ૫ કલાક દરમિયાન મારૂતીયજ્ઞ તેમજ ૩.૦૦થી ૬.૦૦ દરમિયાન દાતાઓનું સન્માન કરાશે. આ સુંદર ધાર્મિક કાર્યક્રમમાં પૂર્વ સાંસદ તથા અભિનેતા અરવિંદભાઈ ત્રિવેદી તેમજ સત્યનારાયણ મંદિર કલોલના મહામંડલેશ્વર સ્વામી રામ મનોહરદાસજી અને બાલા હનુમાનજી લોદરાના મહામંડલેશ્વર સ્વામી સરયુદાસજી ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે. આ ધાર્મિક પ્રસંગે સૌ ભક્તોને હાજર રહેવા વિજય હનુમાન આશ્રમ પરિવાર દ્વારા જણાવાયું છે.

### મોહન ભાગવત પ્રતિપદા ઉત્સવને સંબોધવા ઉત્સુક

રાષ્ટ્રીય સ્વંય સંઘના સર સંઘ ચાલક મોહન ભાગવત તા. ૧૦મી એપ્રિલ રવિવારે સાંજે છ વાગ્યે અમદાવાદના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે પ્રતિપદા ઉત્સવમાં સંબોધન કરશે. રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ દ્વારા દર વર્ષે છ પર્વની ઉજવણી કરવામાં આવે છે જેમાં વર્ષ પ્રતિપદા ઉત્સવ, હિંદુ સામ્રાજય દિવસ ઉત્સવ, ગુરુ પૂર્ણિમા ઉત્સવ, રક્ષાબંધન ઉત્સવ, વિજયા દશમી ઉત્સવ અને મકરસક્રાંતિનો સમાવેશ થાય છે. વર્ષપ્રતિપદાના દિવસે દર વર્ષે વૈદિક નવા વર્ષનો પ્રારંભ થતો હોવાથી આ વર્ષે અમદાવાદમાં તેની ઉજવણી કરવામાં આવશે.



ઉનાળાની અસર : ઉનાળો અને વેકેશનના પ્રારંભે સ્વિમીંગ પુલ તરવૈયાઓથી છલકાઈ રહ્યા છે. વેકેશનના કારણે વિદ્યાર્થીઓ પણ સ્વિમીંગ શિખવા માટે મોટી સંખ્યામાં સેક્ટર-૧૯, ૨૧ અને ઈન્ફોસિટીના સ્વિમીંગ પુલમાં જોડાઈ રહ્યા છે.

## ડી. જી. વણઝારાના સ્વાગત સમારોહની સાથે સાથે

- ડી.જી.વણઝારા હવાઈ માર્ગે સવારે ૯.૪૫ કલાકે અમદાવાદ આવી પહોંચ્યા હતા.
- અમદાવાદ એરપોર્ટ ખાતે પરિવાર, મિત્રો, સગાસ્નેહીજનો તેમજ સમાજ આગેવાનો દ્વારા વણઝારાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હજ્જારોની સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.
- એરપોર્ટથી ગાંધીનગર સુધી વણઝારાને સાફાથી સજ્જ યુવાનો બુલેટ બાઈક સાથે પાયલોટીંગ કરીને લઈને આવ્યા હતા.
- નવી નક્કોર બ્લેક કલરની મર્સીડીઝમાં ધમાકેદાર એન્ટ્રી વણઝારાએ મારી હતી.
- વણઝારાને સમાજના આગેવાનો અને પરિવારના સભ્યો લાઈનમાં ઉભા રહીને ફુલની પાંખડીઓથી સ્વાગત કર્યુ હતુ. પાંખડીઓથી ગાડી પણ ઢંકાઈ ગઈ હતી.
- મહિલાઓ બેન્ડવાજા, નાશીક ઢોલના સથવારે નૃત્ય કરી સ્વાગત કર્યુ હતું.
- ટાઉનહોલ ખાતે મોંઘીદાટ ગાડીઓનો ખડકલો જોવા મળ્યો હતો.
- બે સિંહની પ્રતિકૃતિ વચ્ચે વણઝારાના ફોટા વાળી ટી શર્ટ પહેરેલા નજરે પડ્યા હતા.
- રાજસ્થાની સમાજના ભાઈઓએ ઘેર નૃત્ય કર્યું હતું.
- ટાઉનહોલની બહાર ફુલ્લી જગ્યામાં એલઈડી અને ખુરશીઓ ગોઠવીને બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.
- ટાઉનહોલ ના સ્ટેજ પર ચડતાની સાથે જ વણઝારાએ પોતાના પૌત્રોને તેડીને વ્હાલ વરસાવ્યું હતું અને પોતાની પાસે બેસાડ્યા હતા.
- ટાઉનહોલમાં ''પધારો મારે દેશ'' તેમજ ''હાલોને આપણા મલકમાં'' ગીત સતત ગુંજતુ રહ્યું હતું.
- હોલમાં પણ ભારત માતા કી જય ના નારા તેમજ રાષ્ટ્ર ધ્વજ લહેરાયા હતા.
- ગાંધીનગરના કલાકાર ભીખુદાન ગઢવી એ ગીત સંગીત સાથે મનોરંજન પુરુ પાડ્યું હતું.
- ગાંધીનગરની તમામ સ્વૈચ્છીક-સામાજીક સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા અને વિવિધ સમાજો દ્વારા શાલ તેમજ પુષ્પગુંચ્છ થી સન્માન કરવામાં આવ્યું હતું.
- વણઝારાએ હોલમાં કહ્યું હતું કે હોલમાં ભલે જગ્યા ના હોય પણ હૃદય ગુજરાતનું ખુબ મોટું છે.
- ગુજરાતના આઈપીએસ અધિકારી પી.પી.પાંડે કે જે દોઢ વર્ષ આ જ ગુનાના આરોપસર ડી.જી.વણઝારા સાથે જેલમાં રહ્યા હતા તે ખાસ સન્માન સમારોહમાં હાજર રહ્યા હતા, અને તેઓએ ભુતકાળ વાગોળતા કહ્યું હતું કે જયારે હું ગુજરાત આવ્યો ત્યારે પહેલો રોટલો ડી.જી. વણઝારાના ધર્મપત્ની ગૌરીબેનના હાથનો રોટલો ખાધો હતો અને તેમનો દિકરો પૃથ્વી મારી નજર સામે મોટો થયો છે.
- મારો જન્મ બ્રાહ્મણ કુટુંબમાં થયો છે એટલે હું બ્રહ્મર્ષી છું જયારે વણઝારા રાજર્ષી છે. રાજર્ષીનું બિરુદ ડી.જી વણઝારાને આઈપીએસ અધિકારી પી.પી. પાંડે એ પોતાના વક્તવ્યમાં શપથ સાથે આપ્યું હતું.
- કથિત એન્કાઉન્ટર કેસમાં જેલવાસ ભોગવી ચુકેલા ૩૨ પોલીસ અધિકારીઓની વિટબંણા સંસ્કૃતના બે શ્લોક કહીને દર્શાવી હતી.
- વણઝારા મિત્ર ગ્રુપના રામસિંહ વણઝારા અને મિત્રો દ્વારા ચાંદીની તલવાર ભેટ આપી હતી જેમા મુંઠ સોનાની હતી.
- ટાઉનહોલમાં હાજર તમામ વ્યકિતઓ માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં મોતીચુરના લાડુ, મીક્ષ તવા શબ્જી, રોટલી, પુરી, દાળ-ભાત, અને ઠંડી છાશ નો સમાવેશ કરવામાં આવ છે.
- ડી.જી. અને તેમના ભાઈ કે.જી. વણઝારાએ સ્ટેજ પર લાકડીથી ઘેર નૃત્ય કર્યુ હતું.
- સમગ્ર કાર્યક્રમમાં કે.જી.વણઝારાની વિવિધ શાયરોની શાયરી રજુ કરી ને અનોખો માહોલ જમાવ્યો હતો.
- સવાર ૯ કલાકથી શરુ થયેલો કાર્યક્રમ બપોર ૨ કલાકે પૂર્ણ થઈ ગયો હતો.
- ડીવાયએસપી એ.બી વાટલીયા, પીઆઈ કે.એમ.પ્રીયદર્શી અને એલ.ડી.વાઘેલાએ ખાખી વર્ધીમાં ડી.જી.વણઝારાને કડક સલામી આપી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)



## ચૈત્રી નવરાત્રિની ધાર્મિક માહોલમાં શરૂઆત થઈ

ગાંધીનગર,તા. ૮

ચૈત્રી નવરાત્રિની આજથી ભારે ધાર્મિક માહોલ વચ્ચે શરૂઆત થઈ ગઈ હતી. ચૈત્રી નવરાત્રિ ઉત્સવ હવે ૧૬મી એપ્રિલ સુધી ચાલનાર છે. મંદિર શહેર પાવાગઢમાં ચૈત્રી નવરાત્રિ દરમિયાન લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં પાણીની કટોકટી વધુ સમસ્યા સર્જી શકે છે. મંદિર શહેર પાવાગઢમાં બે દશકમાં સૌથી ગંભીર પાણીની કટોકટી હાલમાં જોવા મળી રહી છે. પાવાગઢમાં શ્રદ્ધાળુઓનો ધસારો જોવા મળી રહ્યો છે ત્યારે પરિસ્થિતિ એ છે કે, તંત્ર દ્વારા કોઈ ફરિયાદ ન મળે તે માટે પગલા લેવાઈ રહ્યા છે. પાણી પુરવઠાને સક્રિય કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. મહાકાળી મંદિર ટ્રસ્ટના લોકોનું કહેવું છે કે, મંદિર શહેરમાં તથા મંદિરમાં પાણી પુરવઠો પણ જટીલ બની ગયો છે. દેવધામમાં પાણીની સપાટી ઘટી રહી છે. દશક અગાઉ નાની સમસ્યા હતી પરંતુ હવે આ સમસ્યા ગંભીર બની ગઈ છે. જિલ્લા વહીવટીતંત્ર સમક્ષ આ સંદર્ભમાં રજૂઆત કરવામાં આવી ચુકી છે. જિલ્લા વહીવટીતંત્રએ ગુજરાત વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડ સાથે વાતચીત કરી છે અને આ મુદ્દાને પ્રાથમિકતાના આધારે હાથ ધરવા કહ્યું છે. ચૈત્રી નવરરાત્રિ પર્વની શરૂઆત થઈ ચુકી છે. પર્વ દરમિયાન વાતાવરણ ધાર્મિક થઈ ગયું છે. મંદિરો ઉપરાંત ઘરમાં પણ દેવીની સ્થાપના કરવામાં આવી છે. નવરાત્રિના ગાળા દરમિયાન નવ દિવસ સુધી ઉપવાસ, વ્રત રાખીને પૂજા કરવામાં આવે છે. નવ દિવસના ઉપવાસને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ ગાળા દરમિયાન માતા દુર્ગાના નવ રુપની પૂજા કરવામાં આવે છે. નવરાત્રિના ઉપવાસ કરનાર લોકો માટે કેટલાક નિયમો પાળવાની જરૂર હોય છે. કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવી પડે છે. કળશ સ્થાપના કરનાર અથવા તો અખંડ દિપ કરનાર લોકોને નવ દિવસ સુધી પોતાના ઘરને ખાલી છોડવા જોઈએ નહીં. ઘરમાં સાત્વિક ભોજન બને તે જરૂરી છે જેના ભાગરુપે, લસણ, ડુંગળી અને નોનવેજથી દૂર રહેવાની જરૂર છે.

## પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠકમાં હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની નવરચિત કાર્યવાહક સમિતિની બેઠક ગુરુવારના રોજ સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજે માળ યોજાઈ હતી. જેમાં સને ૨૦૧૬-૨૦૧૯ના સમયગાળા માટે ડાહ્યાભાઈ એન. પ્રજાપતિની પુનઃ પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ કાર્યવાહક સમિતિમાં સર્વાનુમતે વરણી થવા બદલ પ્રમુખે જણાવ્યું હતું કે ભવિષ્યમાં સંસ્થાના પ્રશ્નોને યોગ્ય સ્થળે જરૂરી વાચા આપી તેના ઉકેલ માટે સતત પ્રયત્નશીલ રહેવાની ખાત્રી આપી હતી. આ બેઠકમાં સમિતિના કાર્યકારી પ્રમુખ તરીકે જયંતભાઈ ભટ્ટ, મહામંત્રી તરીકે હસમુખરાય સોની, ઉપપ્રમુખ પદે સૂર્યકાંતભાઈ બારોટ, સોમાભાઈ પરમાર કાનજીભાઈ પટેલ અને જે.જે. ત્રિવેદી, પ્રવરમંત્રી પદે રમણલાલ શ્રીમાળી, કોષાધ્યક્ષ પદે પ્રદીપભાઈ ભટ્ટ, આંતરિક ઓડીટર



પદે જગદીશચંદ્ર જોષી, મંત્રી પદે નરેન્દ્રભાઈ જાની, ભોગીલાલભાઈ દરજી, મોહનભાઈ આસુદીયા અને દશરથલાલ પરમાર, સંગઠન મંત્રી તરીકે ખુશાલભાઈ પરમાર, પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર તરીકે મંગળભાઈ ચૌહાણ અને કેશવલાલ ચૌહાણ સહિતની સર્વાનુમતે નિમણુંક કરાઈ હતી.